**AAPના 3 કાર્યકરો સામે SOGની કાર્યવાહી**

## ગોધરામાં ચૂંટણી ટાણે મતદારોને લલચાવવા 50 લાખની નાણાકીય હેરાફેરીનો પર્દાફાશ

નાણાંનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદારોને લલચાવવાનો હતો



(પ્રતિનિધિ) ગોધરા, તા.22
આગામી તારીખ 26મી એપ્રિલ 2026ના રોજ યોજાનારી ગુજરાત રાજ્યની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આદર્શ આચારસંહિતાનો કડક અમલ કરાવવા અને મતદારોને અપાતા પ્રલોભનો રોકવા માટે પંચમહાલ એસ.ઓ.જી. પોલીસે મોટી કાર્યવાહી કરી છે. ચૂંટણીમાં મતદારોને લોભ-લાલચ આપવાના ઈરાદે આંગડિયા મારફતે આશરે 50 લાખ રૂપિયાથી વધુની ગેરકાયદેસર નાણાકીય હેરફેર કરવાના મામલે પોલીસે આમ આદમી પાર્ટી (AAP) ના ગોધરા નગરપાલિકાના ઉમેદવાર સહિત ત્રણ સક્રિય કાર્યકરોની સંડોવણી પકડી પાડી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એસ.ઓ.જી. ગોધરાના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.જી. વહોનિયાને મળેલી ખાનગી બાતમીના આધારે આ મોટા નેટવર્કનો ખુલાસો થયો છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, ગોધરા નગરપાલિકાના વોર્ડ નં. 11 ના આપ પક્ષના ઉમેદવાર અને સક્રિય કાર્યકર અજય સોમાલાલ વસ્તાણી રહે. બામરોલી રોડ, ગોધરા, મોરવાના મેખર ગામના રમણભાઈ ગુલાબભાઈ બારિયા અને હાલોલના દર્શિત કૃષ્ણકાંત સોની નામના આમ આદમી પાર્ટીના કાર્યકરોએ પોતાના મળતિયાઓ સાથે મળીને છેલ્લા પંદરેક દિવસમાં આ કૌભાંડ આચર્યું છે. આ શખ્સોએ ગોધરા સ્થિત પી.એમ. આંગડિયા અને વી. પટેલ આંગડિયા પેઢીમાં હવાલા મારફતે રૂપિયા 50 લાખથી વધુની રકમની ગેરકાયદેસર હેરાફેરી કરી છે.

આ નાણાંનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદારોને લલચાવવાનો હોવાનું અને આ સંગઠિત ગુનામાં ગુજરાતના અન્ય જિલ્લાઓના લોકો પણ સંડોવાયેલા હોવાની હકીકત સામે આવી છે. રાજ્યમાં ચૂંટણી મુક્ત, પારદર્શક અને નિષ્પક્ષ રીતે યોજાય તે માટે ચૂંટણીપંચની માર્ગદર્શિકા મુજબ પોલીસતંત્ર સતર્ક બન્યું છે. પંચમહાલ ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી અને ગોધરાના પોલીસ અધિક્ષક ડૉ. હરેશભાઈ દુધાતના સીધા માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એ. વાઘેલા દ્વારા પીએસઆઇ ડી.જી. વહોનિયા, પીએસઆઇ બી.કે. ગોહિલ અને સ્ટાફને નાણાકીય હેરફેર પર વોચ રાખવા સૂચના અપાઈ હતી. જેના પરિણામસ્વરૂપ આ ગેરરીતિનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.

**લીમખેડાના પ્રતાપપુરા ગામની સીમમાં હાઈવે પર બનેલી ઘટના**

## સ્કોર્પીયો ગાડીએ પાછળથી અડફેટમાં લેતા SRP જવાનનું મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.22
પોતાની મોટરસાયકલ પર પીપલોદ થી પાવડી ખાતે એસઆરપી ગ્રુપની કંપનીમાં આવી રહેલા એસઆરપી જવાનની બાઈકને પ્રતાપપુરા ગામની સીમાંથી પસાર થતી વેળાએ અમદાવાદ-ઈન્દોર હાઈવે પર પાછળથી પૂરપાટ દોડી આવતી સ્કોર્પિયો ગાડીએ પાછળથી અડફેટમાં લેતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત એસઆરપી જવાનનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ધાનપુર તાલુકાના રામપુરા ગામના રહેવાસી અને પાવડી ખાતે આવેલ એસઆરપી ગ્રુપ-૪ માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ૪૩ વર્ષીય રમેશભાઈ ચંદ્રસિંહ પટેલ ગઈકાલે પોતાની હીરો પેશન મોટરસાયકલ લઈ પિપલોદથી પાવડી એસઆરપી ગ્રુપમાં આવવા નીકળ્યા હતા તે દરમિયાન રસ્તામાં લીમખેડા તાલુકાના પ્રતાપપુરા ગામ ની સીમમાં અમદાવાદ- ઈન્દોર હાઈવે પર પાછળથી પૂર ઝડપે અને ગફલત ભરી રીતે આવી રહેલી સ્કોર્પિયો ગાડીએ એસઆરપી જવાનની મોટરસાયકલને અડફેટમાં લેતાં સર્જાયેલા ગંભીર અકસ્માત માં એસઆરપી જવાન રમેશભાઈ ચંદ્રસિંહ પટેલને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર માટે લીમખેડા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેઓનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ સંબંધે એસઆરપી ગ્રુપ પાવડી ખાતેની કંપની નંબર-૪ માં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અરવિંદભાઈ અમ્ભેસિંહ પટેલે લીમખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા લીમખેડા પોલીસે આ મામલે સ્કોર્પિયો ગાડીના ચાલક વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

**ચાલુ કેસમાં હાઇકોર્ટમાં સાચી આવક છુપાવવાનું ભારે પડ્યું**

## ઝાલોદના એક 32 વર્ષીય જ્વેલરને પત્નિ-પુત્રીને ભરણ પોષણ પેટે માસિક રૂ.50હજાર ચૂકવવા આદેશ

(પ્રતિનિધિ) દાહોદ, તા.22
ઝાલોદના એક 32 વર્ષીય જવેલર સંદીપકુમાર બાલમુકેશ પંચાલને પત્ની મયુરી અને પુત્રી બાની ના ભરણ પોષણના જેમાં પતિ સંદીપ બાલમુકેશ પંચાલ નાએ પત્ની મયુરી સંદીપ પંચાલ સામે કરેલ છૂટાછેડાના કેસમાં ભરણપોષણ ની અરજી વખતે રજૂ કરેલ આવક ના સોગંદનામા માં સાચી હકીકત છુપાવ્યા બદલ નામદાર ગુજરાત હાઈકોર્ટ આકરી થયેલ. નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કેસ ચાલી જતા સદર કેસમાં પતિએ સોગંદનામું કર્યું હતું કે, તે તેના પિતા બાલમુકેશ પંચાલ ની દુકાનમાં સામાન્ય પગારથી કામ કરે છે અને તેની આવક બહુ ઓછી છે. જેને ગુજરાત હાઈકોર્ટે "ધનવાન પિતાનો ગરીબ પુત્ર" જણાવી સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ નાણાકીય વિગતો ન આપવા તથા છુપાવવા બદલ તથા ગેરકાયદેસર રીતે એક પત્નિના હોવા છતાં વૈશાલી નામની અન્ય સ્ત્રી સાથે લિવ-ઈન રીલેશનશીપ માં રહી તે વૈશાલીના પુત્ર પ્રથમ ને પોતાની કાયદેસરની પત્નિ મયુરી સંદીપ પંચાલ ની પરવાનગી વિના દત્તક લીધેલ અને પોતાની પુત્રી અને પત્નીને ઘરમાંથી કાઢી મૂકેલ. જેની પણ નામદાર ગુજરાત હાઈકોર્ટે ટીકા કરેલી તથા પતિ સંદીપ બાલમુકેશ પંચાલ એ પત્ની સામે કરેલ છુટાછેડા ન કેસ માં કરેલ ભરણપોષણની અરજી માં પત્ની મયુરી પંચાલ અને બાળકી બાની ના ભરણપોષણ ને ધ્યાને રાખી તથા પતિએ પોતાની સાચી આવક છુપાવવા બદલ "કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ" ની કાર્યવાહી કરવાનો આદેશ કરેલ છે તથા કોર્ટે પતિને પત્ની અને પુત્રીને દર મહિને ભરણપોષણ પેટે રૂ.૫૦,૦૦૦/- ચૂકવવાનો પણ હુકમ કર્યો છે. સદર કેસમાં પત્નિ તરફે ઝાલોદમાં વકીલ શ્રી નિરજ જૈન, રોનિલ રાજ, સમિત પટેલ હાજર રહેલ હતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં વકીલ શ્રી નિસર્ગ જૈન, પ્રક્રિતિ જૈન નાઓએ હાજર રહી ધારદાર દલીલ કરેલ હતી.

## હાલોલ રૂરલ પોલીસે સાત મહિનાથી ફરાર પ્રોહિબિશનનો આરોપી ઝડપ્યો



(પ્રતિનિધિ) હાલોલ, તા.22
પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાના હેતુથી પોલીસ તંત્ર દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ હાલોલ રૂરલ પોલીસે મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. પંચમહાલ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ હાલોલ રૂરલ પોલીસ ઈન્સ્પેક્ટર વી.એચ. જાડેજાએ સર્વેલન્સ ટીમને જરૂરી સૂચનાઓ આપી હતી. તે મુજબ સર્વેલન્સ ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન હતી, ત્યારે બાતમી મળી હતી કે પ્રોહિબિશન એક્ટ હેઠળ નોંધાયેલ ગુનાનો આરોપી રુદ્ર ઉર્ફે રાજ હિતેશભાઈ જયસ્વાલ (રહે. જાંબુઘોડા, કુંભાર ફળિયા) પોતાના ઘરે હાજર છે.

ચોક્કસ બાતમીના આધારે પોલીસ ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. દરોડા દરમિયાન આરોપી પોતાના ઘરે મળી આવતા તેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કાર્યવાહી દ્વારા હાલોલ રૂરલ પોલીસે છેલ્લા અંદાજે સાત મહિનાથી ફરાર રહેલા આરોપીને ઝડપવામાં સફળતા મેળવી છે, જેને લઇ પોલીસ તંત્રની કામગીરી પ્રત્યે વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.

**હાલોલના તલાવડી વિસ્તારમાં LCBનો દરોડો**

## 2.52 લાખનો વિદેશી દારૂ જપ્ત કરી આરોપી સામે ગુનો નોંધ્યો



(પ્રતિનિધિ) હાલોલ, તા.2
પંચમહાલ જિલ્લામાં દારૂની ગેરકાયદેસર હેરાફેરી સામે કડક કાર્યવાહી ચાલુ રાખતાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)એ હાલોલ તાલુકાના તલાવડી વિસ્તારમાં સફળ દરોડો પાડી મોટી માત્રામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ જપ્ત કર્યો છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. માહિતી અનુસાર, તલાવડી ગામના ડામોર ફળીયામાં રહેતા રાકેશભાઈ રણજીતભાઈ બારીઆ દ્વારા પોતાના ઘરની બાજુમાં મકાઈના સુકા પુળા પાછળ દારૂનો જથ્થો છુપાવી રાખવામાં આવ્યો હતો. બાતમીના આધારે LCB ટીમે સ્થળ પર દરોડો પાડી તપાસ કરતાં કુલ 1073 નંગ દારૂની બોટલો અને ટીન મળી આવ્યા, જેની કુલ કિંમત અંદાજે 2,52,586 ગણાય છે. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં માઉન્ટ 6000 સુપર સ્ટ્રોંગ બિયર ટીન, રોયલ સ્ટેગ વ્હિસ્કી, ગોવા સ્પિરિટ સ્મૂથનેસ વ્હિસ્કી અને રીટ્સ રિઝર્વ વ્હિસ્કીનો સમાવેશ થાય છે. પોલીસે સમગ્ર જથ્થો કબ્જે લઈને આરોપી સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ કામગીરી ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. જિલ્લામાં દારૂ સંબંધિત અસામાજિક પ્રવૃત્તિઓને અટકાવવા પોલીસ દ્વારા સતત વોચ રાખી કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસે આરોપી સામે પોલીસ સ્ટેશનમાં ગુજરાત પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે અને આગળની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## દાહોદના એમ.જી.રોડની દુકાનમાં ગ્રાહકના પર્સમાંથી ચોરી

ખરીદી કરવા આવેલ મહિલાના પર્સમાંથી સોનાનુ મંગળસૂત્ર-વીંટી ચોરાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.22
દાહોદ શહેરમાં એમજી રોડ પર આવેલ આશા મેચિંગ સેન્ટર નામની દુકાનમાં રેડીમેન્ટ કપડાં ની ખરીદી કરવા આવેલ દુકાન માંથી ખરીદી કરી બહાર નીકળતી વેળા એ તે મહિલાના ખભા ઉપર લટકાવેલ પર્સ ની ચેન સિફ્લ્ટ પૂર્વક ખોલી પર્સ માંથી સોનાનું મંગળસૂત્ર તથા સોના-ચાંદીની વીંટી મળી કુલ રૂપિયા ૧,૨૭,૦૦૦/-ની સોનાના દાગીના ની ચોરી ગઈ હોવાનું પોલીસે સૂત્રો દ્વારા જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર પરમ દિવસ તા 20 ,4 ,2026 ના રોજ બપોર ના બે વાગ્યા ના સમય ગાળામાં દાહોદ જિલ્લા ના ગરબાડા તાલુકાના ગાગરડા ગામે રહેતી 62 વર્ષીય દક્ષા બેન ભુરાભાઈ રાઠોડ નામની વૃધ્ધ મહિલા દાહોદ એમજી રોડ ઉપર આવેલી આશા મેચિંગ સેન્ટર નામની દુકાન મા ખરીદી કરવા ગયેલ તેણે દુકાન માથી ફક્ત ચણીયા ની ખરીદી કરી દુકાન ની બહાર નીકળતી વેળા દુકાન અંદર બીજી ચાર થી પાંચ લેડીસ ખરીદી કરવા આવેલ તે પૈકી દક્ષા બેન પાછળ આવતી બે અજાણી મહિલાઓ પૈકી એક મહિલા એ દક્ષા બેન ના ખભા ઉપર લટકાવેલ પર્સ ની સિફ્લ્ટ પૂર્વક ચેન ખોલી પર્સ માંથી 1, 15 , 000 રૂ ની કિંમત નું 33,690 ગ્રામ વજનનું સોનાનું મંગળસૂત્ર આશરે પાંચ ગ્રામ વજનની રૂ 12 , 000 વજનની અંગૂઠી નગ એક મળી કુલ રૂપિયા 1,27 ,000 ના સોનાના દાગીના કાઢી લઈ ગઈ હતી આ બાબત ની દક્ષા બેન ને ખબર પડી ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું આ સંબંધે ગાગરડા ગામના દક્ષા બેન રમણભાઈ ભુરાભાઈ રાઠોડે દાહોદ ટાઉન એ ડિવિઝન મા ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરી ના ગુનો નોંધી આસપાસ ની દુકાનો મા લાગેલ કેમેરા ના ફૂટેજ મેળવવાની કોશિશ કરી રહ્યા છે.

**પ્રોત્સાહન આપવું જરૂરી છે : લા.ક્લબના સભ્યો**

## હાલોલમાં હાલોલ સફાઈ કર્મચારીઓનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો

(પ્રતિનિધિ) હાલોલ, તા.22
હાલોલ નગરપાલિકા નજીક આવેલ ગાર્ડનમાં લાયન્સ ક્લબ ઓફ સનરાઈઝ દ્વારા સફાઈ કર્મચારીઓના સન્માન માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પર્યાવરણ સપ્તાહ અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં શહેરના સફાઈ કર્મચારીઓને તેમની નિષ્ઠાપૂર્વકની સેવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન કુલ 38 સફાઈ કર્મચારીઓને સાલ ઓઢાડી, ફૂલહાર પહેરાવી અને પ્રણામપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સન્માનિત થયેલા કર્મચારીઓમાં 13 મહિલાઓ અને 25 પુરુષોનો સમાવેશ થતો હતો. આ પ્રસંગે તમામ સફાઈ કર્મચારીઓમાં આનંદ અને ગૌરવની લાગણી જોવા મળી હતી. આ કાર્યક્રમમાં હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર પણ ઉપસ્થિત રહ્યા હતા અને કર્મચારીઓની કામગીરીને બિરદાવતા તેમણે આવા પ્રોત્સાહક કાર્યક્રમોની પ્રશંસા કરી હતી. લાયન્સ ક્લબ ઓફ હાલોલ સનરાઈઝના પ્રમુખ રમેશભાઈ રાજાણી, ટ્રેઝરર કેતન મહેતા, મંત્રી શૈલેષ પંડ્યા સહિતના આગેવાનો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. પ્રમુખ રમેશભાઈ રાજાણી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સફાઈ કર્મચારીઓ શહેરના આરોગ્ય અને સ્વચ્છતા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, તેથી તેમને પ્રોત્સાહન આપવું જરૂરી છે.

## દાહોદમાં તેરા પંથી પંચ દ્વારા આધ્યાત્મિક સંસ્કાર શિબિરનો આરંભ થયો



**દાહોદ :** દાહોદ શહેરના મહાવીર શેરી સ્થિત નવા મંદિરમાં તેરાપંથી પંચ દ્વારા તારીખ ૨ થી ૨૬ એપ્રિલ દરમિયાન પરમ સદગુરુ કાનજી સ્વામીના ૧૩૭ મી જન્મ જયંતી નિમિત્તે આધ્યાત્મિક સંસ્કાર શિબિરનું આયોજન રાખેલ દિપકકુમાર શ્રોફ, પરમ શ્રોકના ભજનના નથી સૌજન્ય થી કરવામાં આવ્યું છે આજે સંસ્કાર શિબિર આરંભે સવારમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી તેમાં મોટી સંખ્યામાં સમાજના લોકો જોડાયા હતા. ત્યારબાદ ધ્વજારોહણ મંદિર પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ સમાજના બાળકોની સંસ્કાર શિબિર નો આરંભ કરવામાં આવ્યો હતો શિબિરના પાંચ દિવસ દરમિયાન સવારે અને ત્યારબાદ સાંજના સમયે વિવિધ પંડિતો દ્વારા બાળકોને ધર્મનું શિક્ષણ આપવામાં આવશે.

**SP ડૉ હરેશ દુધાતે બાળકોને ઓફિસમાં નાસ્તો કરાવી દિલ જીત્યા અને પરિવારને સોંપ્યા**

## મધ્યપ્રદેશના કુક્ષીથી અપહરણ થયેલા બે માસૂમ બાળકોને ગોધરા બાયપાસ પાસેથી બચાવી લેતી પોલીસ



(પ્રતિનિધિ) ગોધરા, તા.22
મધ્યપ્રદેશના કુક્ષીમાં રહેતા પિન્ટુ રામા ચૌહાણના ઘરે છેલ્લા એક મહિનાથી મહેસાણાનો ધર્મેન્દ્ર ઉર્ફે પ્રતાપ ગંગારામ ઠાકોર નામનો ઓળખીતો રહેતો હતો. ગત તારીખ 21 એપ્રિલ 2026ના રોજ આરોપી ધર્મેન્દ્ર પિન્ટુ ભાઈના છ વર્ષીય પુત્ર અજય અને ચાર વર્ષીય પુત્ર દીપકને મોટરસાયકલ પર નદીએ સ્નાન કરાવવાના બહાને લઈ ગયો હતો. મોડી સાંજ સુધી બાળકો પરત ન ફરતા અને આસપાસ શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતા કુક્ષી પોલીસ મથકે અપહરણની ફરિયાદ નોંધાઈ હતી. આ ગંભીર ઘટનાની જાણ મધ્યપ્રદેશ પોલીસ દ્વારા પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. હરેશભાઈ દુધાતને કરવામાં આવી હતી. બનાવની સંવેદનશીલતા સમજીને પંચમહાલ ગોધરા રેન્જ આઈજી વિધિ ચૌધરી અને એસપી ડૉ. હરેશભાઈ દુધાતના સીધા માર્ગદર્શન હેઠળ ગોધરા એલસીબી પીઆઇ એ.બી. વોરાએ તાત્કાલિક અલગ અલગ ટીમો બનાવી હતી. પીએસઆઇ પી.એન. ઝાલા અને એલસીબી સ્ટાફે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી વોચ ગોઠવી હતી. દરમિયાન ગોધરા બાયપાસ રોડ દારૂણિયા પાસેથી અપહરણકર્તા પસાર થતો હોવાની માહિતી મળતા જ પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને આરોપી પ્રતાપ ઉર્ફે ધર્મેન્દ્ર ગંગારામ ઠાકોરને દબોચી લીધો હતો અને બંને બાળકોને સુરક્ષિત રીતે મુક્ત કરાવ્યા હતા. માનવતા મહેકી ઉઠી, પંચમહાલ એસપી ડૉ હરેશ દુધાતે બાળકોને ઓફિસમાં બેસાડી નાસ્તો કરાવી દિલ જીત્યા આ સમગ્ર ઓપરેશનમાં પોલીસની સંવેદનશીલતા અને માનવતાના દર્શન થયા હતા. અપહરણકર્તાની ચુંગાલમાંથી મુક્ત થયેલા અને ગભરાયેલા બંને માસૂમ બાળકોને પંચમહાલ જિલ્લા પોલીસ વડા ડૉ. હરેશભાઈ દુધાતે પોતાની ઓફિસમાં બોલાવ્યા હતા. એક પિતાની જેમ તેઓએ બાળકોની તબિયત વિશે પૂછપરછ કરી, તેમની સાથે પ્રેમથી વાતો કરી અને ઓફિસમાં જ બેસાડીને તેમને નાસ્તો કરાવ્યો હતો. એસપીના આ પ્રેમાળ વ્યવહારથી બાળકોના ચહેરા પર ફરીથી મુસ્કાન આવી ગઈ હતી. ત્યારબાદ બંને બાળકોનું તેમના પિતા સાથે સુખદ મિલન કરાવવામાં આવ્યું હતું.

**ચૂંટણી આવી એટલે સાહેબોને મતદારોમાં ભગવાન દેખાવા લાગ્યાં**

## સિઝનલ સેવાધારીઓનો રાફડો ફાટ્યો: પાંચ વર્ષે 'પ્રગટ' થયેલા નેતાઓએ ગરમીમાં 'ગરમ' પ્રચાર શરૂ કર્યો

**ચૂંટણી** આવી એટલે સાહેબોને મતદારો ભગવાન દેખાવા લાગ્યાં

(પ્રતિનિધિ) દાહોદ, તા.22
ગુજરાત ભરમાં અત્યારે બે પ્રકારનો પારો ગરમ્યો છે.એક આકાશમાંથી વરસી રહેલી કાળઝાળ ગરમી અને બીજો ચૂંટણીનો પ્રચાર. ફોર્મ ખેંચવાની મુદત પૂરી થતા જ જે ચિત્ર સ્પષ્ટ થયું છે, તેમાં સૌથી રસપ્રદ દૃશ્ય એ છે કે પાંચ વર્ષ સુધી જેના દર્શન દુર્લભ હતા, તેવા 'સીઝનલ નેતાઓ' અત્યારે મતદારોના પગમાં પડવા માટે પડાપડી કરી રહ્યા છે. જ્યારે બીજી તરફ વિરોધીઓને ચેનકેન પ્રકારે વેતરીને 'બિનહરીફ' ચૂંટાઈ ગયાના હરખમાં હરખ પદુડા બનીને ઝૂમી રહ્યા છે. પરંતુ તેમને ખબર નથી કે તેમણે અને તેમના સમર્થકોએ 'લોકશાહીની કરપીણ હત્યા' કરી નાખી છે. જેના પરિણામ આવનારા દિવસોમાં આમ જનતાએ ખૂબ જ ખરાબ રીતે ભોગવવાના આવી રહ્યે છે. મતદારો પણ હોશિયાર છે, તેઓ જાણે છે કે અત્યારે જે હાથ જોડાવેલા છે, તે પરિણામના બીજા દિવસે 'ટાટા-બાય બાય'માં ફેરવાઈ જવાના છે. છતાં પણ, લોકશાહીના આ પર્વમાં નેતાઓને દોડતા જોઈ પ્રજાને મનોમન આનંદ તો આવે જ છે કે, 'ચાલો, પાંચ વર્ષે તો પાંચ વર્ષે, સાહેબો અમારે આંગણે તો આવ્યા!' હવે જોવાનું એ રહે છે કે આટલી આજીજી અને ગરમીમાં પાડેલા પરસેવાનું ફળ કયા નેતાને મળે છે અને કોના 'ચંપલ ઘસાવાના' એળે જાય છેપાલિકાની બેઠકો હોય કે જિલ્લા-તાલુકા પંચાયતની રસાકસી, કાર્યકરોની હાલત અત્યારે જોવા જેવી છે. નેતાની પાછળ ઝંડા લઈને ફરતાં અમુક નિષ્ઠાવાન અને સાચા કાર્યકરો પણ વિચારી રહ્યા છે કે સાહેબ આટલું જોર જે પ્રજાના કામમાં લગાવ્યું હોત, તો અત્યારે ઘરે-ઘરે જઈને આજીજી કરવાનો વારો ન આવ્યો હોત.

**પગમાં પડવા માટે શ્રદ્ધા નહીં, મતના 'દાન'ની ભૂખ**

પાલિકા હોય કે તાલુકા-જિલ્લા પંચાયત, દરેક મતવિસ્તારમાં નેતાઓ અત્યારે 'ચંપલો ઘસાવતા નજરે પડી રહ્યા છે. જે નેતાઓ અગાઉ ફોન પણ ઉપાડતા નહોતા, તેઓ અત્યારે સામાન્ય જનતાને સામે ફોન કરીને ખબર-અંતર પૂછી રહ્યા છે. કાળઝાળ ગરમીમાં સૂર્યદેવ ભલે લૂ વરસાવતો હોય, પણ નેતાઓ માટે તો આ ગરમી પણ 'એસી' જેવી ઠંડક આપી રહી છે, કારણ કે તેમને સામે ખુરશી દેખાઈ રહી છે.